ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690

વર્ષ: ૧૧ | અંક: ૬ | ડિસેમ્બર - ૨૦૨૫

કિંમત: ૧૦/-






## ઊઁકારધામ તીર્થ

# ૐ શ્રી નવગ્રહ લક્ષ્મીકુબેર મહાપૂજન




**પાવન શુભ નિશ્રા**

મંત્રયુગપરિવર્તક ઊઁકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ઊઁઋષિ સ્વામી

**પાવન શુભ દિવસ**

28 ડિસેમ્બર, 2025, રવિવાર

**પાવન શુભ સમય**

બપોરે 4 થી 6 કલાક સુધી

**પાવન શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

સંપર્ક સૂત્રઃ 9429208997

ॐकार संप्रदाय

(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી**

કિંજલભાઈ શાહ

**સહતંત્રી**

મિહિરભાઈ શાહ



**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯



**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

ડિસેમ્બર -૨૦૨૫ | પાના નંઃ ૨૪
વર્ષઃ ૧૧ | અંકઃ ૬
કિંમતરૂ.: ૧૦/-


## તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ડિસેમ્બરના આ સંસ્કરણમાં પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના શબ્દોમાં કહીએ તો “મંત્ર હંમેશા અંધકારને જીતે છે.” તો ૨૦૨૬ની શરૂઆતમાં આપણા માટે સૌથી મોટું સંકલ્પ શું હોઇ શકે? ગુરુજી દ્વારા આપવામાં આવતા મંત્ર, મંત્રશક્તિપાત, સાધનાઓ, મહાપૂજન દ્વારા પોતાના જીવનની પ્રકાશ તરફની યાત્રા.

ૐકાર સંપ્રદાય મેગેઝિનનું લવાજમ હજી જે ભક્તોએ ભર્યું ન હોય તે ભક્તજનો વાર્ષિક રૂા.૭૫૦/- ભરીને આ મેગેઝિન ઘરેબેઠા કુરીયરથી મેળવી શકે છે. આપ સૌ ભક્તજનોનો અને સાધકોનો ૐકાર સંપ્રદાયના તંત્રી તરીકે આપના તરફથી મળતા સહયોગ બદલ હું આભાર માનુ છું.

આપ સર્વ ભક્તજનોનું નવું વર્ષ ૨૦૨૬ તમારા જીવનમાં ચેતના અને આંતરિક સ્થિરતા લાવે એવી હાર્દિક શુભેચ્છા.

### ‘ઉલ્કાપાત’

**આ અમાસી કાળ મુખી રાતમાં, ક્યાં સુધી જીવીશ તું આઘાતમાં.**
**મોલને તાણી ગયો વરસાદને, ઘર બળી ગ્યું મારું ઉલ્કાપાતમાં.**
**મારા મન પર સહેજ પણ હુમલો કરે, જોર એવું ક્યાં છે ઝંઝાવાતમાં?**
**લે મને તો એ જ સમજાતું નથી, દાટ્યું શું છે પારકી પંચાતમાં?**
**દૂધનો ધોયેલ તું છે કેટલો? આંખ મીંચી જો તું તારી જાતમાં.**
**જીભને તાળા દઇ તું મર મુંગો, પડ નહિ નાહકના ચંચુપાતમાં.**
**ભાગ્ય તારું મૂળથી બદલાઇ જશે, ૐ ખાલી ઓમ વદ પરભાતમાં.**

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું.

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥

# સોમવાર થી રવિવાર-૨૦૨૬ના દિવ્યમંત્રોથી આપના જીવનમાં ઉત્તમ અનુભવ પ્રાપ્ત કરો

સમગ્ર બ્રહ્માંડને ચલાવવા માટે જે ઊર્જા કાર્યરત છે તેનું સર્જન પ્રણવબ્રહ્મ ૐ ની દિવ્ય ચેતનામાંથી થાય છે. ટૂંકમાં સમજીએ તો સમગ્ર બ્રહ્માંડ ૐ ના દિવ્ય ચૈતન્યરૂપ શક્તિથી સંચાલિત થાય છે.

ૐ ની દિવ્ય ચેતનાના માધ્યમથી વતાકીતા ત્રતા નામક ઊર્જાની ઉત્પત્તિ કરી અને એ ઊર્જાથી મંત્રોનું સર્જન આ વખતે મેં કર્યું છે. આ મંત્રોનું જે સર્જન થયું છે તે મંત્રો સોમવાર થી રવિવાર સુધી કરવા માટેના ૨૦૨૬ના વર્ષ માટેના મંત્રો છે.

વતાકીતા ત્રતા નામક ઊર્જાના માધ્યમથી સર્જન કરેલા મંત્રોથી આપની આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય અને આપ આપના રોજબરોજના કાર્યમાં સરળતા પ્રાપ્ત કરી શકો તેવી ઉત્તમ ભાવના સાથે આ મંત્રો આપને હું આપવા જઈ રહ્યો છું.

આ પૃથ્વી પર રહેતા દરેક મનુષ્યએ બીજા મનુષ્યનું પણ કલ્યાણ થાય તેવી ભાવના પણ મનમાં રાખવી જોઈએ. પ્રત્યેક મનુષ્ય એ આ પૃથ્વી પર ઈશ્વરનો અંશ છે. માટે ઈશ્વરના સંતાનો બની આપણે એકબીજા માટે શુદ્ધ ભાવના કેળવીએ તો આ જગત પવિત્ર બની જાય.

## સોમવાર

### દિવ્ય મંત્રઃ ।। ૐ ચંદ્રવાતી ચંદ્રવાતી શંભુનાથ નમઃ ।।

આ મંત્ર ગણતી વખતે બે લવિંગના દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## મંગળવાર

### દિવ્ય મંત્રઃ ।। ૐ મંગલાતી મંગલાતી દુર્ગેશ્વરીદેવી નમઃ ।।

આ મંત્ર ગણતી વખતે બે ઈલાયચીના દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## બુધવાર

**દિવ્ય મંત્રઃ ।। ૐ બુધેશ્વર બુધેશ્વર શ્રીક્ષેત્રપાળવીર નમઃ ।।**

આ મંત્ર ગણતી વખતે ચોખાના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## ગુરૂવાર

**દિવ્ય મંત્રઃ ।। ૐ ગુરુતા ગુરુતા કુબેરદેવ નમઃ ।।**

આ મંત્ર ગણતી વખતે ઘઉંના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## શુક્રવાર

**દિવ્ય મંત્રઃ ।। ૐ શુક્રતા શુક્રતા ધનદેવી નમઃ ।।**

આ મંત્ર ગણતી વખતે મગના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## શનિવાર

**દિવ્ય મંત્રઃ ।। ૐ શનિતા શનિતા શનિદેવ નમઃ ।।**

આ મંત્ર ગણતી વખતે વાલના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

## રવિવાર

**દિવ્ય મંત્રઃ ।। ૐ સૂર્યતામી સૂર્યતામી ગજલક્ષ્મીદેવી નમઃ ।।**

આ મંત્ર ગણતી વખતે કઠોળના ચણાના બે દાણા એક પ્લાસ્ટિકની કોથળીમાં લેવા. ત્યારબાદ ઉપરનો મંત્ર ૩ વખત ગણવો અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ કોથળી ત્રણ મહિના પછી બદલી નાંખવી.

**ઉપરોક્ત વાર મુજબ આપેલ મંત્ર રોજ નિયમિત કરવાથી આપના આર્થિક લક્ષ્યાંકો અવશ્ય સિદ્ધ થશે.**

# જાન્યુઆરી ૨૦૨૬ થી ડિસેમ્બર ૨૦૨૬ સુધી આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## જાન્યુઆરી

શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર (આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ॐ त्रताः ।। | ।। ॐ त्रुशाः ।। | ।। ॐ त्रशाः ।। |
| ।। ॐ लाभः ।। | ।। ॐ शुभः ।। | ।। ॐ वामः ।। |
| ।। ॐ लक्ष्मीः ।। | ।। ॐ कुबेरः ।। | ।। ॐ रक्षवः ।। |

જાન્યુઆરી મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ લક્ષ્મીત્ય લક્ષ્મીત્ય ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## ફેબ્રુઆરી

શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર (આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ॐ धनमः ।। | ।। ॐ वनमः ।। | ।। ॐ कनमः ।। |
| ।। ॐ त्रशः ।। | ।। ॐ दशः ।। | ।। ॐ कशः ।। |
| ।। ॐ नतः ।। | ।। ॐ वतः ।। | ।। ॐ त्रलः ।। |

ફેબ્રુઆરી મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ કાર્યલક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## માર્ચ

શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર (આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ૐ वादी: ।। | ।। ૐ त्रादी: ।। | ।। ૐ कादी: ।। |
| ।। ૐ शाश: ।। | ।। ૐ प्राश: ।। | ।। ૐ वाश: ।। |
| ।। ૐ त्रत: ।। | ।। ૐ कत्र: ।। | ।। ૐ वत्र: ।। |

માર્ચ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્ર: ।। ૐ શુભલક્ષ્મીદેવી ત્રતા નમ: ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## એપ્રિલ

શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર (આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ૐ वल: ।। | ।। ૐ जल: ।। | ।। ૐ कव: ।। |
| ।। ૐ सव: ।। | ।। ૐ शिव: ।। | ।। ૐ नव: ।। |
| ।। ૐ बव: ।। | ।। ૐ शाव: ।। | ।। ૐ दव: ।। |

એપ્રિલ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્ર: ।। ૐ વામલક્ષ્મીદેવી ત્રતા નમ: ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## મે

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ॐ रातिः ।। | ।। ॐ राकिः ।। | ।। ॐ रातिः ।। |
| ।। ॐ धनः ।। | ।। ॐ वजः ।। | ।। ॐ रजः ।। |
| ।। ॐ सनः ।। | ।। ॐ वकः ।। | ।। ॐ त्रकः ।। |

મે મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ કારિકા લક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## જૂન

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ॐ त्रुशिः ।। | ।। ॐ काबः ।। | ।। ॐ कुबेरः ।। |
| ।। ॐ वुशिः ।। | ।। ॐ वालः ।। | ।। ॐ धनिताः ।। |
| ।। ॐ नुशिः ।। | ।। ॐ नालः ।। | ।। ॐ त्रनिताः ।। |

જૂન મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ મહાલક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## જુલાઇ

શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર (આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ नाविः ॥ | ॥ ॐ वाविः ॥ | ॥ ॐ त्राविः ॥ |
| ॥ ॐ जाकिः ॥ | ॥ ॐ वाकिः ॥ | ॥ ॐ राविः ॥ |
| ॥ ॐ रारिः ॥ | ॥ ॐ शाकिः ॥ | ॥ ॐ नारिः ॥ |

જુલાઇ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ॥ ૐ ગજલક્ષ્મીદેવી ત્રતા નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## ઓગષ્ટ

શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર (આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ॥ ॐ सतकः ॥ | ॥ ॐ नतकः ॥ | ॥ ॐ प्रवः ॥ |
| ॥ ॐ कतकः॥ | ॥ ॐ वलकः ॥ | ॥ ॐ प्रशः ॥ |
| ॥ ॐ वतकः ॥ | ॥ ॐ सरकः ॥ | ॥ ॐ प्रजः ॥ |

ઓગષ્ટ મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ॥ ૐ સર્વદા લક્ષ્મીદેવી ત્રતા નમઃ ॥**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## સપ્ટેમ્બર

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ॐ गुरुता: ।। | ।। ॐ शुक्रता: ।। | ।। ॐ चंद्रता: ।। |
| ।। ॐ मंगलिता: ।। | ।। ॐ शनिता: ।। | ।। ॐ बुधता: ।। |
| ।। ॐ केतुता: ।। | ।। ॐ राहुता: ।। | ।। ॐ गुरुता: ।। |

સપ્ટેમ્બર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ ઊર્જાષુ લક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર 3 વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## ઓક્ટોબર

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ॐ शाश: ।। | ।। ॐ साश: ।। | ।। ॐ वाश: ।। |
| ।। ॐ काश: ।। | ।। ॐ राहि: ।। | ।। ॐ कारि: ।। |
| ।। ॐ वारि: ।। | ।। ॐ कारि: ।। | ।। ॐ त्रारि: ।। |

ઓક્ટોબર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ પ્રમાજ લક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર 3 વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# સિદ્ધ કરવા માટેના દિવ્ય મંત્ર

## નવેમ્બર

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ૐ प्रलकः ।। | ।। ૐ वलकः ।। | ।। ૐ दलकः ।। |
| ।। ૐ शलकः ।। | ।। ૐ गलकः ।। | ।। ૐ नलकः ।। |
| ।। ૐ जलकः ।। | ।। ૐ कलकः ।। | ।। ૐ तलकः ।। |

નવેમ્બર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ કાવિકા લક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

## ડિસેમ્બર

### શ્રી લક્ષ્મીચક્ર ટાર્ગેટ યંત્ર

(આ ચક્રને રોજ ધૂપ કરવો)

| | | |
|---|---|---|
| ।। ૐ कुबेरः ।। | ।। ૐ लक्ष्मीः ।। | ।।ૐ क्षेत्रपालवीरः।। |
| ।। ૐ नाविताः ।। | ।। ૐ वाविः ।। | ।। ૐ शक्तिताः ।। |
| ।। ૐ काविताः ।। | ।। ૐ वाविताः ।। | ।। ૐ शुभिताः ।। |

ડિસેમ્બર મહિનાનો આર્થિક લક્ષ્યાંક સિદ્ધ કરવા માટેનો

**દિવ્યમંત્રઃ ।। ૐ ગુરુતા લક્ષ્મીદેવી ત્રતા નમઃ ।।**

(આ મહિનામાં લક્ષ્મી પ્રાપ્તિ તેમજ ધંધાનો ટાર્ગેટ પૂરો કરવા માટે આ મંત્ર ૩ વખત કરવો અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો.)

# કુદરતના પ્રહારો

## (સંપૂર્ણ સત્ય ઘટના)

હું આજે આપની સમક્ષ એક સ્ત્રી સાથે ઘટિત થયેલી સત્ય ઘટના જણાવવા જઇ રહ્યો છું. આ સ્ત્રીની સત્ય ઘટના કોઇપણ કઠણ હૃદયના મનુષ્યને પણ ધ્રુજાવી નાંખે એવી છે.

હું આજે ધ્રુતિ રાઠોડ (નામ બદલ્યું છે) નામની એક સ્ત્રી જોડે બનેલી સત્ય ઘટનાથી આપ સૌને વાકેફ કરાવવા જઇ રહ્યો છું.

૧૯૯૯ની સાલમાં ધ્રુતિના લગ્ન ધ્રાંગધ્રા પાસે આવેલા એક ગામમાં એના જ સમાજમાં થયા હતાં. લગ્નના બે વર્ષ સુધી ધ્રુતિના જીવનમાં આનંદ અને કિલ્લોલ રહ્યો, પરંતુ લગ્નના બે વર્ષ પછી ધ્રુતિને આર્થરાઇટીસની બીમારી થઇ, જેના કારણે એ ઘરમાં ટેકા વગર ચાલી પણ શકતી ન હતી.

શારીરિક પીડાથી ગ્રસ્ત થયેલી ધ્રતિ હવે એના સાસરાવાળા કે પતિ માટે કોઇ કામની રહી ન હતી અને એના કારણે જ એ લોકો એને પિયરમાં પાછી મુકી ગયા અને એના અને એના પતિના છૂટાછેડા થઇ ગયા.

ધ્રુતિના પિતા એ અમદાવાદમાં એક પ્રાઇવેટ કંપનીમાં નાના પગારની જોબ કરતા હતાં. છતાં પણ એમણે અમદાવાદમાં આવેલા આર્થરાઇટીસ ડોક્ટરની મોંઘી દવા ધ્રુતિ સાજી થઇ જાય એના માટે શરૂ કરી હતી.

બસ આ જ સમયે ધ્રુતિના પિતા એને મારી પાસે લઇને આવ્યા હતાં.

"ગુરૂજી, આપ એવો કોઇ માર્ગ કરો કે ધ્રુતિને આર્થરાઇટીસમાંથી મુક્તિ મળી જાય. મારા શેઠ જે આપનામાં ખૂબ જ શ્રદ્ધા ધરાવે છે એમણે મને આપની પાસે મોકલ્યો છે." ધ્રુતિના પિતા રમેશભાઇએ મને કહ્યું હતું.

ધ્રુતિના ઓરાનો અભ્યાસ કર્યા બાદ મેં રમેશભાઇને કહ્યું હતું.

"જો રમેશભાઇ, એની તકલીફ દૂર કરવા માટે હું એને મંત્ર ચોક્કસ આપું છું, પરંતુ એને આ રોગમાંથી મુક્ત થવું હોય તો ડોક્ટરનું નિદાન અને એમણે કીધેલી કસરત નિયમિત રીતે કરવી પડશે." મેં એના પિતા રમેશભાઇ અને ધ્રુતિ બંન્નેને સમજાવતા કહ્યું હતું.

"મને સારું થઇ જશે?" ધ્રુતિએ મને પૂછ્યું હતું.

"ચોક્કસ, તું હિંમત નહીં હારે તો તને આ રોગ હરાવી નહીં શકે અને જો તું હિંમત હારી જઇશ તો સાદો તાવ પણ તને હરાવી જશે." મેં ધ્રુતિને જવાબ આપતા કહ્યું હતું.

આજે જ્યારે હું આપને ખુલ્લા મનથી આ સત્ય ઘટના જણાવવા જઇ રહ્યો છું ત્યારે મેં ધ્રુતિને હિંમતભર્યા શબ્દો કહ્યા હતાં ત્યારે મને લાગતું ન હતું કે એ આર્થરાઇટીસના આ મહાભીષણ ચક્રવ્યૂહમાંથી બહાર નીકળી શકશે, કારણકે સાસરાવાળાના દુર્વ્યવહારના કારણે અને પતિ સાથે છૂટેછેડા થવાના કારણે

એ ખૂબ નિરાશ અને હતાશ થઇ ગઇ હતી અને એક હતાશ થયેલો માણસ એક સીડી પણ ચડી શકે નહિ, જ્યારે ધ્રુતિને થયેલો રોગ તો હિમાલય પર્વત જેવો મોટો હતો.

ધ્રુતિએ મેં વિચાર્યું હતું એના કરતા સાવ ઉલટું વિચાર્યુ હતું. એને એવું થઇ ગયું કે ગુરૂજીએ કહ્યું છે તો મને સારું ચોક્કસ થઇ જશે અને એટલે જ એ રાત દિવસ આર્થરાઇટીસને પોતાના શરીરમાંથી કાઢવા માટે મજબૂત અને સજાગ બની ગઇ. ધ્રુતિ રોજ સવાર-સાંજ બે ટાઇમ ફીઝીયોથેરાપી સેન્ટરમાં કસરત કરવા માટે જતી હતી. ખાવાપીવામાં એક વર્ષ સુધી સતત ખીચડી, જવની રોટલી અને દૂધીનું શાક તેમજ ડોક્ટરે આપેલી દવાઓ નિયમિત રીતે લેવાનો નિત્ય ક્રમ એણે જાળવી રાખ્યો હતો. એના મોઢા ઉપર રોગને હરાવી અને હંફાવી દેવાની તમન્ના દેખાઇ આવતી હતી.

એક વર્ષમાં તો ધ્રુતિ પહેલા હતી એવી થવા લાગી. અમદાવાદમાં આજે ખૂબ જ પ્રખ્યાત આર્થરાઇટીસના ડોક્ટર જે એ સમયે આટલા પ્રસિદ્ધ ન હતાં, એમના માર્ગદર્શન અને મેં આપેલ મંત્ર અને ખાસ કરીને સૌથી મોટી અને અગત્યની વાત ધ્રુતિની હિંમતના કારણે એ આર્થરાઇટીસના રોગમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી ગઇ, પરંતુ કુદરત જેને આપે છે એને છપ્પર ફાડીને આપે છે અને જેની પાસેથી લે છે એની પાસેથી માથું તોડીને લે છે.

ધ્રુતિ આર્થરાઇટીસમાંથી બહાર તો આવી ગઇ પરંતુ એના પિતાનું હાર્ટએટેકથી નિધન થઇ ગયું, માટે ધ્રુતિના માથા ઉપર એની માતા અને નાના ભાઇની જવાબદારી આવી પડી. ધ્રુતિનો નાનો ભાઇ સત્તર વર્ષનો હતો, જે કોલેજમાં ભણી રહ્યો હતો. બચતના નામે પિતા પોતાના સંસ્કાર સિવાય એક રૂપિયો પણ મુકીને ગયા ન હતાં.

રમેશભાઇના મૃત્યુ બાદ એમના શેઠે ધ્રુતિને એમની કંપનીમાં નોકરીએ રાખી લીધી. ધ્રુતિ ખૂબ લગનથી નોકરી કરવા લાગી અને છ વર્ષ પછી એટલે કે ૨૦૦૭માં ધ્રુતિનો ભાઇ ગ્રેજ્યુએશન પૂરું કરી અમેરિકા જતો રહ્યો.

ધ્રુતિની અગ્નિપરીક્ષા કુદરતે હજી પૂરી કરી ન હતી. અમેરિકા ગયા બાદ એના નાના ભાઇ ધર્મેશે સીટીઝન છોકરી જોડે લવમેરેજ કરી લીધા અને એ છોકરીના કહેવાથી એણે ધ્રુતિ અને એની માતા જોડેના સંબંધો સંપૂર્ણ કાપી નાંખ્યા હતાં. ધર્મેશ એની માતા અને બહેન ધ્રુતિને ક્યારેય પણ ફોન કરતો ન હતો. એ વાતના દુઃખે ધ્રુતિની માતાને હાર્ટની પેશન્ટ બનાવી દીધી હતી.

ધ્રુતિ આજે ૪૯મુ વર્ષ પૂરું કરી ૫૦મા વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. પરંતુ કુદરત રોજ એક નવી પરેશાની એના જીવનમાં મોકલી આપે છે. બે વર્ષ પહેલા જ એટલે કે વર્ષ ૨૦૨૦ માં કોરોનાના મહાપ્રકોપમાં ધ્રુતિની માતાએ કોરોનાના કારણે આ દુનિયામાંથી અલવિદા લીધી અને કોરોનામાં ફસાયેલી ધ્રુતિની જિંદગી માંડમાંડ બચી હતી.

૧૬ ફેબ્રઆરી, ૨૦૨૨ના રોજ ધ્રુતિ મને

મળવા આવી હતી. એણે મને એક સવાલ પૂછ્યો હતો. જે સવાલનો જવાબ મારી પાસે ન હતો, પરંતુ આપની પાસે હોય તો આપ ચોક્કસ જણાવજો.

" કુદરત મને ત્રેવીસ વર્ષથી સતત મુસીબતો મોકલીને પરીક્ષા લીધા કરે છે. મારી આ પરીક્ષાનો ક્યારેય અંત આવશે ખરો?" ધ્રુતિએ મને સવાલ પૂછ્યો હતો.

એના આ સવાલના જવાબમાં હું મૌન રહ્યો હતો, પરંતુ ધ્રુતિએ મને આગળ જે કહ્યું હતું એ પણ હું તમને અહીં શબ્દસહ કહી રહ્યો છું.

"કુદરત મને ભલે કુહાડીના ઘા માર્યા કરે, મને વાંધો નથી, પરંતુ આપ મારા માટે એવી પ્રાર્થના કરજો કે એ ઘા સાથે મને થોડો મલમ પણ આપે. કુદરત જો એવું સમજતી હોય કે હું એના પ્રહારોથી થાકી અને આત્મહત્યા કરીશ તો આ કુદરત હજી ધ્રુતિ રાઠોડને ઓળખી શકી નથી." આટલું બોલી એ ખડખડાટ હસી પડી હતી.

ધ્રુતિના હાસ્યમાં રહેલું રુદન હું સમજી શકતો હતો, પરંતુ કુદરત એના હાસ્યમાં રહેલું રુદન સમજ્યું હશે ખરું? આ સવાલનો જવાબ તો આવનારો સમય આપશે.

લિ. ૐગુરુ

સદ્ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

## કોર્ટ-કચેરીની મેટરમાં સફળતા મળી

ૐ નમઃ..., મારું નામ અવધેશ વર્મા છે, અને હું લખનઉનો રહેવાસી છું. ૨૦૧૮ માં હું પરમ પૂજ્ય ગુરુજીને યુટ્યુબના માધ્યમથી મળ્યો હતો. યુટ્યુબમાં એક વિડીયોથી પ્રભાવિત થઈને ગુરુજીને મળવા માટે હું અમદાવાદ આવ્યો હતો. એ વખતે મારી જમીનની મેટર કોર્ટમાં ચાલતી હતી, અને અમારા બાપ-દાદાની જમીનમાં ઝઘડો ચાલી રહ્યો હતો. જમીનની કિંમત ઘણી મોટી હતી, પરંતુ ૧૦ વર્ષની કાનૂની લડાઈ પછી પણ મારા પાસે બધા જ પુરાવા હોવા છતાં સફળતા મળી રહી ન હતી.

પરમ પૂજ્ય ગુરુજીએ મને એક દિવ્ય મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા માટે આપ્યો, અને મને કીધું કે "ત્રાદત ભૂમિતા" નામનો દોષ તમને કોર્ટ કચેરીમાં વિજય મેળવવામાં અટકાવે છે. પરમ પૂજ્ય ગુરુજીની વાત સાંભળી મેં ગુરુજીએ કીધું તે પ્રમાણે નિદાન કર્યું, મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ શરૂ કર્યો.

૬ મહિનામાં પરિવર્તન આવવાનું શરૂ થયું. પહેલી જ વખત મુદત પડી, મંત્ર અને ચાલીસાના પઠન બાદ, તેમાં એક જજે મારા ફેવરમાં ચુકાદો આપશે એવું દેખાયું, અને લગભગ બીજી એક વર્ષની લડત બાદ જે જમીન માટે ઝઘડો ચાલી રહ્યો હતો, એ જમીન મને મળી ગઈ. એ જમીન વેચીને મેં બે ફેક્ટરીઓ નાખી, અને હાલ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી હું લખનઉમાં આર્થિક રીતે ખૂબ જ સમૃદ્ધ છું.

ગુરુજીના આશીર્વાદ સતત અમારા ઉપર રહ્યાં છે. મેં સતત લખનઉમાં અને આસપાસમાં ૐકાર ચાલીસા લોકોને નિઃશુલ્ક વિતરણ કરું છું, અને ૐકાર ચાલીસાના પઠનના માધ્યમથી લોકોના જીવનમાં બહુ જ પરિવર્તન આવ્યું છે. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. અવધેશ વર્મા (લખનઉ)

**આપ પણ આપના જીવનમાં કોઇ સમસ્યાથી ઘેરાયેલ હોય તો ૐકાર ચાલીસા લેખન અને પઠન રોજ નિયમિત કરો અને ગુરુજી દ્વારા આપવામાં આવતા મંત્ર અને મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

## દીકરીનું સગપણ નક્કી થઇ ગયું

ૐ નમઃ..., અમે ચારે તરફથી ઘેરાઈ ગયા હતા. અમારા સંતાનોના લગ્નનો કોઈ જ ઉત્તર મળતો ન હતો. સંતાનોની ઉંમર ૨૦ વર્ષ (દીકરાની) અને દીકરીની ઉંમર ૨૮ વર્ષ થઈ હતી. અમે ખૂબ જ પ્રયત્નો

કર્યા, પરંતુ કોઈને કોઈ કારણોસર વાત અટકી હતી. ૨૦૧૯ માં ગુરુજીના ધ્યાનમાં અમે આ વાત લાવ્યા અને ગુરુજીને પ્રથમવાર મળ્યા. પરમ પૂજ્ય ગુરુજીએ બંને મારા દીકરા અને દીકરીની ઓરા જોઈ, અને દોષનું સમાધાન કરાવ્યું, અને એક દિવ્ય મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા માટે આપ્યો. આ પાઠ રાત્રે ૯ થી ૧૧માં કરવો જરૂરી હતો અને એક પણ દિવસ નહીં પાડવાનો એવી એમની ખાસ સૂચના હતી.

પરમ પૂજ્ય ગુરુજીના કહેવા પ્રમાણે અમને જે દોષ હતું એનું સમાધાન કર્યું અને મંત્ર-ૐકાર ચાલીસા નિયમિત ચાલુ રાખ્યા. મારા દીકરાનું સગપણ મંત્ર અને ૐકાર ચાલીસાના પઠનથી જ મહિનામાં ગોઠવાયું અને ૬ મહિનામાં લગ્ન થયા. દીકરાના લગ્નના દિવસના મહિના પહેલાથી દીકરીનું સગપણ પણ ગોઠવાઈ ગયું. અમે જે મુશ્કેલીથી અને જે પ્રશ્નથી પરેશાન હતા, એ એ હતું કે દીકરા અને દીકરી માટે પાત્રો તો આવતા હતા, પરંતુ અમારી ઈચ્છા મુજબના પાત્રો આવતા ન હતા. અમને એવું હતું કે અમારી ઈચ્છા પ્રમાણેના પાત્રો અમારા સંતાનોને મળે અને એ લોકો એમની રીતે એમને ગમતા પાત્ર સાથે લગ્ન કરીને જીવન સુખીથી પસાર કરી શકે. અને આ બધું જ પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી જ બન્યું છે.

લી. ચેતના દલાલ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં સંતાનોના લગનના પ્રશ્નથી પરેશાન હોય તો પરમ પૂજ્ય ગુરુજી દ્વારા આપવામાં આવતો મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ નિયમિત કરો. તેમજ સદગુરુ ૐઋષિ યુ-ટ્યુબ ચેનલ પર દર પૂનમે આપવામાં આવતો સામાજિક પ્રશ્નના નિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત સાંભળો.**

## માથેથી દેવું ઉતરી ગયું

ૐ નમઃ..., મારું નામ અર્પિત દેસાઈ છું. હું સુરતમાં રહું છું. મારે કાપડનું કામકાજ છે. વર્ષ-2017માં હું પરમ પૂજ્ય ગુરુજીને અમદાવાદ મળ્યો હતો. મારા મિત્ર સાથે અમદાવાદ જ્યારે ગુરુજીની મુલાકાત કરી, એ વખતે હું કાપડના ધંધામાં દેવામાં સપડાયેલો હતો. ધંધો બરાબર ચાલી રહ્યો ન હતો અને આગળ કોઈ સમાધાન દેખાતું ન હતું.

મારા મિત્રનો ગુરુજી સાથે જોડાયા બાદ અતિ ઉત્તમ આર્થિક રીતે પ્રગતિનો અનુભવ રહ્યો હતો. મારા મિત્ર એમને ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ભગવાનની જેમ પૂજે છે. મારા મિત્રની વાત સાંભળી, અને સાચું કહું તો હું ધર્મને માનવા વાળો વ્યક્તિ છું. હું માનીને બેઠો હતો કે મારા કર્મને આધીન થઈ જે થઈ રહ્યું છે, એ મારે સ્વીકારવું જોઈએ. પરંતુ પરમ પૂજ્ય ગુરુજીએ મને નવો રાહ દેખાડ્યો.

એમણે મને કહ્યું કે આર્થિક કાર્ય માટે કર્મ નહીં, પરંતુ ત્રતા નામની ઊર્જા કામ કરે છે. અને ત્રતાઊર્જાનો ઉપયોગ કઈ રીતે કરવો એનો મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ મને કરવા માટે આપ્યો. મારા માટે ઓરા, ઊર્જા, ત્રતાઊર્જા આ બધું જ એક હતું. એક નવા વિશ્વ સાથે અને મંત્રના એક નવા રચયિતા સાથે, મંત્રના એક માત્ર આજના આ પૃથ્વી પરના રચયિતા સામે બેઠો હતો, જે ખૂબ જ સરળ અને સાદગી ભર્યા હતા. મેં મંત્ર લીધો. ત્યારબાદ એ મંત્રને મેં ગૂગલના માધ્યમથી સર્ચ કર્યો, પરંતુ થોડા સંશોધન બાદ મને ખબર પડી કે, નવા મંત્ર, આજના યુગ પ્રમાણેના મંત્રોની રચના કરનાર પરમ પૂજ્ય ગુરુજી સિવાય કોઈ નથી.

પરમ પૂજ્ય ગુરુજીએ એવું પણ કીધું કે હું તને મંત્ર દવા રૂપે આપું છું. તું આને કોઈ ધર્મ સાથે ના જોડીશ. તું જે ધર્મ પાડે છે, કારણ કે અમારા ઘરમાં ચુસ્ત સ્વામિનારાયણ ધર્મ અમારા માતા-પિતા પાળતા હોય. એટલે મંત્ર કરવા માટે એ ચોક્કસ ના માને. પરંતુ ગુરુજીએ જ્યારે કીધું કે એને દવાની જેમ કરવાનો છે, આ ધર્મ સાથે એને ના જોડતા, તું દવાની જેમ કરો. જેમ તમે તાવ આવે ને પેરાસીટામોલમ લો છો એમ તમે દવાની જેમ આ મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ કરો.

વાત મને ગળે ઉતરી ગઈ. આમે હું કર્મમાં માનવા વાળો હતો, પરંતુ જે રીતે ચારે બાજુથી ઘેરાયેલો હતો મને લાગ્યું કે ગુરુજીની વાત મારે સ્વીકારવી જ જોઈએ. અને એ વાત સ્વીકારી. મંત્ર અને ૐકાર ચાલીસા હું રોજ ફેક્ટરીમાં કરતો હતો. આજે પરિસ્થિતિ એવી છે કે રોજ અગિયાર ૐકાર ચાલીસા અને મંત્રની એક માળા હું રોજ કરું છું. ગુરુજીએ જે પણ સમાધાન કર્યું એના માધ્યમથી મારા જીવનમાં જળમૂળથી સમાધાન આવ્યું. દેવું ઉતરતું ગયું, નવા ઓર્ડર આવતા ગયા અને પરિણામ એ થયું કે, સાવ ઘરબાર ફેક્ટરી વેચીને કાઠિયાવાડ ભેગા પરત થવાના બદલે ફરી પાછો સુરતમાં એસ્ટાબ્લિશ થઈ શક્યો. પોતાનું મોટું ઘર બનાવી શક્યો. આજે હું જે પણ છું એમાં ગુરુજીના દિવ્ય આશીર્વાદ ચોક્કસ છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. અર્પિત દેસાઇ (સુરત)

**આપ પણ આપના જીવનમાં આર્થિક રીતે સંકળામણમાં હોય તો ગુરુજીએ આપેલ મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ નિયમિત રીતે કરો. તેમજ સદગુરુ ૐઋષિ યુ-ટ્યુબ ચેનલ પર દર પૂનમે આપવામાં આવતો આર્થિક પ્રશ્નના સમાધાન માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત સાંભળો.**

# અસામાન્ય ઘટનાથી આબાદ બચાવ થયો

ૐ નમઃ..., મારો અનુભવ હું તારીખ 28-11-2025ના રોજ લખું છું. ખબર નહીં, પરંતુ મને એવું લાગે છે કે ગુરુજી પાસે જે જ્ઞાન, શક્તિ અને સામર્થ્ય છે, એની ખરી સચ્ચાઈ લોકો સુધી અથવા તો જનમાનસ સુધી પહોંચી શકતી નથી. મંત્રના દિવ્ય અનુભવ અને ચમત્કાર મેં એવા જોયા છે કે જેની આપણે કલ્પના પણ કરી શકતા નથી.

એક ઘટના હું આપને કહેવા માગું છું જે મારા સાથે અને મારી જોડે વીતી છે. 2018 માં ગુરુજીએ મને એક મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા માટે આપ્યો અને કહ્યું કે આ મંત્ર તું રોજ કરજે, પરંતુ બહારગામ હોય ત્યારે સવાર-સાંજ બે ટાઈમ કરજે, આનું કારણ મને સમજાયું નહીં. મેં ગુરુજીને પૂછ્યું, પરંતુ એમણે મને જે જવાબ આપ્યો, એ સાચું કહું તો, મને સંતોષકારક ન લાગ્યો. એમનો જવાબ એવો હતો કે, 'ભાઈ, બે વખત કરને, તને શું વાંધો છે? ફાયદો જ થશેને, નુકસાન તો નથીને?' પણ કેમ? એ મને ના સમજાયું. પરંતુ ભવિષ્યના ગર્ભમાં શું છે એ ગુરુજી જોઈ લીધું હતું, મેં નહીં.

હું ઔરંગાબાદમાં એક હોટલમાં રોકાયો હતો, ધંધાના કામે ગયો હતો. હું સાંજે જ્યારે બજારમાંથી જમીને પરત હોટલ આવ્યો, ત્યારે હું ખૂબ થાકેલો હતો. હું થાકેલો હોવા છતાં પણ મંત્ર અને ૐકાર ચાલીસા લઈને બેઠો. મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ હું કરતો હતો. બરાબર એ જ વખતે કાળા વસ્ત્ર પહેરેલી એક સ્ત્રી મારી બાજુમાંથી પસાર થઈ, એવું મેં અનુભવ્યું. ચાલીસા પત્યા અને મારી ભ્રમણા સમજી, અને સુઈ ગયો. પરંતુ મારા મનમાં આ પ્રશ્ન ઊભો થયો.

મેં બીજા દિવસે સવારે હોટલના મેનેજરને પૂછ્યું. હોટલના મેનેજરે, મેં જે સ્ત્રીની વાત કરી હતી, એનું બરાબર વર્ણન કર્યું. મેં પૂછ્યું કે, 'તમને કેવી રીતે ખબર કે મને આ જ પ્રકારની સ્ત્રી દેખાઇતી?' મેનેજરે મને બાજુમાં લઈને સોફા પર બેસાડ્યો અને કહ્યું, 'ભાઈ, નસીબદાર છો. જો મારા ને તમારા વચ્ચે વાત રાખજો. તમે જે રૂમમાં રોકાયો છો ત્યાં બે વર્ષ પહેલા એક ભાઈને આવી જ સ્ત્રી દેખાઈ હતી અને બીજા દિવસે સવારે તો એમણે તોફાન ચાલુ કરી દીધું હતું. અમારે એમ્બ્યુલન્સ બોલાવીને એમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. એ ત્રણ દિવસ ત્યાં બેહોશ રહ્યા હતા અને પછી પરિવારજનો એમને લઈ ગયા.' એમને શું થયું, મને ખબર નહીં, પરંતુ એ ભાઈ એ જ બોલતા હતા કે 'કાળા કપડાં વાળી સ્ત્રી મને હેરાન કરે છે, એ આવી દેખાય છે, આ રીતે એ મારી બાજુમાં ગોળ ગોળ ફરતી હતી.'

આ બધી વાતોના માધ્યમથી મને સમજાઈ ગયું કે હું કાલે બરાબર બચી ગયો, કારણ કે જે સમયે મને એ દેખાઇ, એ પહેલાં જ મેં મંત્ર અને ૐકાર ચાલીસાનો પાઠ શરુ કરી દીધો હતો, જેનાથી મારો આબાદ

બચાવ થયો. કદાચ આ અનુભવ વાંચીને કોઈ મારી કલ્પના કહેશે અને કોઈ હકીકત, પરંતુ સાચું કહું તો હું પોતે સાયન્સનો વિદ્યાર્થી છું, સાયન્સ ભણેલો છું, બીએસસી થયેલો છું, માટે હું પોતે પણ જે મેં નજરે જોયું છે, એ જ કહી રહ્યો છું. મંત્ર અને ૐકાર ચાલીસામાં દિવ્ય તાકાત છે. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. આદિત્ય વર્મા (દિલ્હી)

**આપ પણ આવી કોઇ નકારાત્મકતાથી બચવા માંગતા હોય તો મંત્ર, ૐકાર ચાલીસા લેખન અને પઠન નિયમિત કરો.**

## નિઃશુલ્ક વોલ-કેલેન્ડર મેળવવા બાબતે

પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાયનું **વોલ-કેલેન્ડર** જે ભક્તજનો મેળવવા ઈચ્છતા હોય તેમણે પોતાનું **પૂરું નામ, સરનામું** અને **મોબાઇલ નંબર** લખી નીચે આપેલા નંબર પર વોટ્સઅપ કરી દેવું. મેસેજમાં **કેલેન્ડર મોકલવું** એવું ખાસ લખવું. આ રીતે આપને ઘરેબેઠા આપના સરનામા પર કેલેન્ડર મળી જશે.

વોલ-કેલેન્ડર ખૂબ જ મર્યાદિત સંખ્યામાં ઉપલબ્ધ છે માટે વહેલા તે પહેલાના ધોરણે ન્યાય આપવામાં આવશે માટે આ માહિતી મળતા આપે આપના કેલેન્ડર માટે તુરંત મેસેજ કરી દેવો.

**વોટ્સઅપ નંબર : 7043859719**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

રવિવારના દિવસે સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્યપૂનમ મહાદર્શન-2026



| તારીખ | વાર | મહાદર્શન |
|---|---|---|
| તા. 18-01-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 08-02-2026 | રવિવાર | ગુરુજી પ્રાગટ્યદિન દર્શન |
| તા. 01-03-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 05-04-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 03-05-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 28-06-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 29-07-2026 | બુધવાર | ગુરુપૂર્ણિમા દર્શન |
| તા. 30-08-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 27-09-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 25-10-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 22-11-2026 | રવિવાર | ગુરુજી દર્શન |
| તા. 20-12-2026 | રવિવાર | ગુરુજી દર્શન |

**સ્થળ: અન્નપૂર્ણા હોલ, આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**ખાસ નોંધ: ગુરુજીની પૂનમ ભરતા ભક્તોએ હવેથી ઉપર આપેલ તારીખે પૂનમ દર્શનનો લાભ લેવાનો રહેશે.**

## ગુરુજી પ્રાગટ્ય દિવસ દર્શન

તા. 8-2-2026
રવિવાર

ચંદ્રમૌલેશ્વર હોલ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ

## સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
## આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૨-૨૦૨૫ | રવિવાર | ૐ લક્ષ્મીત્ય | ૦૬-૧-૨૦૨૬ | મંગળવાર | ૐ લક્ષ્મીકુબેર |
| ૨૨-૧૨-૨૦૨૫ | સોમવાર | ૐ ધનીતા | ૦૭-૧-૨૦૨૬ | બુધવાર | ૐ ગુરુત |
| ૨૩-૧૨-૨૦૨૫ | મંગળવાર | ૐ કાર્યતા | ૦૮-૧-૨૦૨૬ | ગુરુવાર | ૐ નવગ્રહાતિ |
| ૨૪-૧૨-૨૦૨૫ | બુધવાર | ૐ ગુરુતા | ૦૯-૧-૨૦૨૬ | શુક્રવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૫-૧૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ શુક્રતા | ૧૦-૧-૨૦૨૬ | શનિવાર | ૐ તવિતા |
| ૨૬-૧૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ શનિતા | ૧૧-૧-૨૦૨૬ | રવિવાર | ૐ કાવલ્ય |
| ૨૭-૧૨-૨૦૨૫ | શનિવાર | ૐ બુધતા | ૧૨-૧-૨૦૨૬ | સોમવાર | ૐ ગજિકા |
| ૨૮-૧૨-૨૦૨૫ | રવિવાર | ૐ સૂર્યતાવદમ | ૧૩-૧-૨૦૨૬ | મંગળવાર | ૐ ધનત્ય |
| ૨૯-૧૨-૨૦૨૫ | સોમવાર | ૐ કાર્યતાવદમ | ૧૪-૧-૨૦૨૬ | બુધવાર | ૐ વજિકા |
| ૩૦-૧૨-૨૦૨૫ | મંગળવાર | ૐ ત્રિશુકા | ૧૫-૧-૨૦૨૬ | ગુરુવાર | ૐ પ્રવલ્ય |
| ૩૧-૧૨-૨૦૨૫ | બુધવાર | ૐ પ્રશુકા | ૧૬-૧-૨૦૨૬ | શુક્રવાર | ૐ કાલભૈરવ |
| ૦૧-૧-૨૦૨૬ | ગુરુવાર | ૐ ત્રનક | ૧૭-૧-૨૦૨૬ | શનિવાર | ૐ મહાકાલેશ્વર |
| ૦૨-૧-૨૦૨૬ | શુક્રવાર | ૐ કુબેરધન | ૧૮-૧-૨૦૨૬ | રવિવાર | ૐ શક્તિપ્રજ્ઞા |
| ૦૩-૧-૨૦૨૬ | શનિવાર | ૐ ધનલક્ષ્મીદેવી | ૧૯-૧-૨૦૨૬ | સોમવાર | ૐ સહાતિ |
| ૦૪-૧-૨૦૨૬ | રવિવાર | ૐ ગજાકલક્ષ્મીદેવી | ૨૦-૧-૨૦૨૬ | મંગળવાર | ૐ ત્રિપુરભૈરવીદેવી |
| ૦૫-૧-૨૦૨૬ | સોમવાર | ૐ પ્રવાલલક્ષ્મી | | | |

॥ ૐ નમઃ ॥

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન લાલ વસ્ત્રમાં ચોખાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લીલા વસ્ત્રમાં ઘઉંના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને પીળા વસ્ત્રમાં કઠોળના ચણાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન સફેદ વસ્ત્રમાં મગના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ કેસરી વસ્ત્રમાં વાલના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ સફેદ વસ્ત્રમાં ચોખાના બે દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.




# Invitation

## 11 DIVYANG KITE Festival

FOR INTELLECTUALLY DISABLED

**Date : 4-1-2026, Sunday | Time : 8.30 AM to 1:30 PM**

**Venue : Annapurna Party Plot,**
**New Vikas Gruh Road, Paldi, Ahmedabad.**



ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
'માનવસેવા એ જ ઈશ્વરસેવા'

**ORGANISED BY:**
**SEVA SAMARPAN FOUNDATION**
**OMKAR FOUNDATION TRUST**

**MANAGED BY:**
**OMKAR SEVA DAL**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**પતંગ મહોત્સવમાં ભાગ લેનાર દિવ્યાંગ ભાઈઓ તથા બહેનો એ નંબર: 9974955125 ઉપર જાણ કરી ને પાસ મેળવી લેવા.**

॥ ૐ નમઃ ॥

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"
ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

## સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં

# સૂર્ય પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



**ખાસ નોંધ:**
ભક્તજનોને મનોકામના સિદ્ધિનો પૂર્ણ લાભ મળે તે માટે ગુરુજીની પૂનમ ભરતા ભક્તોએ હવેથી આપેલ તારીખે સૂર્યપૂનમ મહાદર્શનનો લાભ લેવાનો રહેશે.

**શુભ તારીખ**
18 જાન્યુઆરી, 2026
રવિવાર

**શુભ સમય**
સવારે
10 થી 1 કલાકે

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**સંપર્ક સૂત્ર: 9429208997**


E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org



RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**